# આઈઆઈએસસી બેંગલુરુ દેશની શ્રેષ્ઠ યુનિવર્સિટી : આઈઆઈટી ઈન્દોર દ્વિતીય ક્રમે

**લંડન,** વૈશ્ચિવક સ્તર પર ભારતીય યુનિવર્સિટીની સંખ્યા ૪૨માંથી ૪૯ થઈ હોવાનું ટાઇમ્સ હાયર એજ્યુકેશન વર્લ્ડ યુનિવર્સિટી રેકિંગમાં નોંધવામાં આવ્યું છે. ટાઈમ્સ હાયર એજ્યુકેશન વર્લ્ડ યુનિવર્સિટી રેકિંગ અંતર્ગત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટૅકનોલૉજી - ઈન્દોર વિશ્ર્વ પ્રસિદ્ધ ૪૦૦ યુનિવર્સિટીની સંખ્યામાં ભારતની દ્વિતીય સર્વશ્રષ્ઠ સંસ્થાની યાદીમાં સ્થાન પામી છે. ભારત વિશ્ર્વ પ્રસિદ્ધ ૪૦૦ સંસ્થામાં પ્રથમ ૨૦૦ની સૂચિમાં સ્થાન પામી શક્યું નથી, પરંતુ ૨૫૧થી ૩૦૦ સંસ્થાની યાદીમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ-બેંગલુરુને સ્થાન મળ્યું છે. એ રીતે આઈઆઈએસસી - બેંગલુરુ દેશની સર્વશ્રેષ્ઠ સંસ્થા તરીકે સ્થાન પામી છે. જ્યારે આઈઆઈટી-ઈન્દોર ૩૫૧થી ૪૦૦ની યાદીમાં સ્થાન પામ્યું છે.

આઈઆઈટી ઈન્દોરે આઈઆઈટી મુંબઈને પીછેહઠ કરાવી આગળની હરોળમાં સ્થાન મેળવ્યું છે. જ્યારે વર્લ્ડ રેકિંગની સૂચિમાં આઈઆઈટી મુંબઈ ૪૦૧થી ૫૦૦ બેંડની સૂચિમાં પાછળ ધકેલાયું છે. ઉલ્લેખનીય છે કે વર્લ્ડ યુનિવર્સિટી રેકિંગમાં ચીને એશિયાના અન્ય દેશોને પાછળ ધકેલી પહેલી વાર ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે. નેશનલ યુનિવર્સિટી સિંગાપોરને પાછળ ધકેલી ચીનની જિન્હુઆ યુનિવર્સિટીએ એશિયાની બેસ્ટ યુનિવર્સિટીનો ખિતાબ મેળવી લીધો છે. ચીનની જીન્હુઆ યુનિવર્સિટી ૩૦મા સ્થાનેથી સીધી ૨૨મા સ્થાને પહોંચી છે. જ્યારે સિંગાપોર યુનિવર્સિટી ૨૨મા સ્થાનેથી ૨૩માં સ્થાને ધકેલાઈ છે. ટોપ યુનિવર્સિટી સંદર્ભે આ વખતે પણ ઓક્સફર્ડ યુનિવર્સિટીએ પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે.

વિશ્વની પ્રથમ શ્રેષ્ઠ યુનિવર્સિટી તરીકે ઓક્સફર્ડ, કેમ્બ્રિજ અને સ્ટેનફોર્ડ યુનિ.ને સ્થાન મળ્યું છે. મેસેચ્યુસેપ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટૅકનોલૉજીને એક નંબર આગળ સ્થાન મળ્યું છે. જ્યારે કેલિફોર્નિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટૅકનોલૉજી ત્રીજા સ્થાનથી પાંચમાં સ્થાને પહોંચી છે.

# આજથી ઈ-વે બિલનો બોજ ઘટશે, સરકારે ફોર્મમાં બદલાવ

**ન્યુ દિલ્હી,** માલના ટ્રાંસપોર્ટેશન પર અનિવાર્ય ઈ-વે બિલના અનુપાલનમાં ૧ ઓક્ટોબરથી વધુ સરળતા આવી જશે. કાયદાકીય સંશોધનો બાદ સરકારે આ ફોર્મમાં પણ ઘણા બદલાવ કર્યા છે.

સરકારે ઈ વે બિલ જનરેટ કરવા માટે ફોર્મનું ફોર્મેટ જાહેર કરી દીધું છે. જે સોમવારથી લાગુ થશે. આમાં બિનજરુરી દસ્તાવેજો અને સૂચનાઓમાં ઘટાડો કરવામાં આવ્યો છે અને સાથે જ કેટલીક નવી એન્ટ્રી જોડવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર ટ્રાંઝેક્શન ટાઈપના આધાર પર ડોક્યુમેન્ટ ટાઈપવાળા ડ્રોપ ડાઉનમાં દસ્તાવેજોની સંખ્યા સીમિત કરી દેવામાં આવી છે. કન્સાઈનર અને કન્સાઈની દ્વારા આપવામાં આવેલા એડ્રેસમાં પિન કોડના આધાર પર જ રાજ્ય અને શહેરનું નામ ઓટોપોપલેટ થશે.

ટેક્સ કેલક્યુલેશન માટે સ્ટાન્ડર્ડ રેટનું ડ્રોપ કાઉન જોડવામાં આવ્યું છે. સેસ માટે હવે એક વધારે ફિલ્ડ હશે. ૧૦ કરોડ રુપિયાથી વધારે વેલ્યૂ વાળા સપ્લાય પર ફોર્મ જનરેટ કરતા જ કન્સાઈનર અને કન્સાઈનીની એસએમએસ એલર્ટ આવી જશે અને ઓનલાઈન પોપઅપ પણ ખુલશે.

તો આ સાથે જ ટ્રાંસપોર્ટર્સને કેટલીક રાહત આપવામાં આવી છે તો હવે ઈ વે બિલની પાર્ટ ૧ સ્લિપ જનરેટ કરવા માટે ટ્રાંસપોર્ટર્સનું આઈડી એટેચ કરવું અનિવાર્ય રહેશે. નવી જોગવાઈઓ અંતર્ગત જો ટ્રેડર ટ્રાંસપોર્ટરોના ગોડાઉનને પોતાનું એડિશનલ પ્લેસ ઓફ બિઝનેસ જાહેર કરી દે તો માલ ગોડાઉન સુધી પહોંચતા જ ટ્રાસપોર્ટેશન પૂર્ણ માની લેવામાં આવશે અને ત્યારબાદ ટ્રાંસપોર્ટરને ઈ-વે બિલની વેલિડિટી વધારવાની જરુર નહી રહે.

આ જ પ્રકારે હવે નાની મોટી ભૂલો માટે ૧૦૦૦ રુપિયા સુધીનો દંડ આપવામાં આવ્યો છે. ત્યારે રોડ પર ઓફિસરો દ્વારા કરવામાં આવતી મનમાની પણ ખતમ થઈ જશે. ઈ-વે બિલના નવા ફોર્મેટમાં વધારે ઓટોપોપ્યુલેટેડ ફીલ્ડ જોડીને એન્ટ્રીઝનો બોજ ઓછો કરવામાં આવ્યો છે. ઈ-કોમર્સ કંપનીઓ પર ૧ ઓક્ટોબરથી તમામ ટ્રાંઝેક્શન પર ૧ ટકા ટીસીએસ કાપીને જમા કરાવવાની જવાબદારી બાદ તેમને દરેક રાજયમાં રજિસ્ટ્રેશન લેવું પડશે. હવે તેમને ઈંટ્રાસ્ટેટ ઈ-વે બિલનું પણ અનુપાલન કરવું પડશે. તો પંજાબ, અને ગુજરાત સહિત આશરે સાત રાજયોએ ૧ ઓક્ટોબરથી જોબ વર્ક માટે મેન્યુફેક્ચરરના ત્યાંથી આવી રહેલા અથવા ફિનિશ્ડ થઈને જઈ રહેલા માલને ઈંટ્રાસ્ટેટ ઈ-વે બિલથી મુક્ટ કરી દેવામાં આવ્યા છે. બિહાર, પશ્ચિમ બંગાળે કાપડને આનાથી મુક્ત રાખવાનો નિર્ણય કર્યો છે.



બોલીવૂડના બે દિગ્ગજ અભિનેતા – મહાનાયક અમિતાભ બચ્ચન અને સુપરસ્ટાર આમિર ખાનને પહેલી જ વાર સાથે ચમકાવતી ફિલ્મ 'ઠગ્સ ઓફ હિન્દુસ્તાન'નું ટ્રેલર મુંબઈમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. એ પ્રસંગે ફિલ્મની અભિનેત્રીઓ કેટરીના કેફ અને ફાતિમા સના શેખ અને દિગ્દર્શક વિજય કૃષ્ણ આચાર્ય પણ ઉપસ્થિત રહ્યાં હતાં. ફિલ્મ આવતી ૮ ઓક્ટોબરે રિલીઝ થવાની છે.

# ઠગ્સ ઑફ હિન્દુસ્તાનની સ્ટોરી મારી પોતાની છે : ફિલ્મ ડાયરેક્ટર

**મુંબઈ,** યશ રાજની મેગાબજે મલ્ટિસ્ટાર ફિલ્મ ઠગ્સ ઑફ હિન્દુસ્તાનની સ્ટોરી અને સ્ક્રીપ્ટ મારી પોતાની છે એવો દાવો ફિલ્મના ડાયરેક્ટર વિજય કૃષ્ણ આચાર્યે કર્યો હતા.

તેમણે કહ્યું કે ૧૮૩૯માં લખાયેલી અને પ્રગટ થયેલી બ્રિટિશ લેખક ફિલિપ મીડોઝ ટેલરની નવલકથા અ કન્ફેશન ઑફ અ ઠગ સાથે મારી સ્ટોરીને લેવાદેવા નથી.

ફિલ્મના ટાઈટલમાં ઠગ્સ શબ્દ આવવાથી લોકોને એવી ગેરસમજ થઇ લાગે છે કે મારી સ્ટોરી ફિલિપ મીડોઝ ટેલરની નવલકથા પર આધારિત છે. હકીકતમાં એવું નથી. આ મારી પોતાની સ્ટોરી છે.

ઠગ્સ ઑફ હિન્દુસ્તાન દિવાળી પર રજૂ થવાની છે અને એમાં પહેલીવાર બોલિવૂડમાં મિસ્ટર પરફેક્શનિસ્ટ તરીકે જાણીતા સુપર સ્ટાર આમિર ખાન અને મેગાસ્ટાર અમિતાભ બચ્ચન ચમકી રહ્યા છે. તેમની સાથે બે હીરોઇનો છે- કેટરિના કૈફ અને દંગલ ફેમ ફાતિમા સના શેખ.

જો કે આ અંગે વિજય કૃષ્ણ આચાર્ય કશું બોલ્યા નથી. એમણે માત્ર ફિલ્મની કથા વિશે પોતાનું વર્ઝન રજૂ કર્યું હતું. તેમણે વધુમાં એવી દલીલ કરી હતી કે ૧૭૯૫માં નવા સ્થપાઇ રહેલા બ્રિટિશ શાસન સામે બગાવત કરનારા ચાંચિયાઓની આ વાત છે. મેં રજૂ કરેલું ફિરંગીનું પાત્ર સચોટ અને વાસ્તિવક બન્યું છે.

# અમેરિકામાંના ભારતીયોએ ૨૦૦૦-૨૦૧૮ સુધી ૧.૨ અબજ ડોલરનું દાન આપ્યુ

**વૉશિંગ્ટન,** અમેરિકામાંના ભારતીયોએ અમેરિકાની ૩૭ વિદ્યાપીઠને ૨૦૦૦થી ૨૦૧૮ સુધીમાં ૧.૨ અબજ ડૉલરનું દાન આપ્યું હતું. અમેરિકામાંના ભારતીયોએ વિવિધ યુનિવર્સિટીને આપેલા દાનમાં ૬૮ વખત રકમ દસ લાખ ડૉલરથી વધુ હતી. સિલિકોન વૅલીના દાતા અને વૅન્ચર કૅપિટાલિસ્ટ એમ. આર. રંગસ્વામીએ જણાવ્યું હતું કે આ આંકડા સાબિત કરે છે કે અમેરિકામાંના ભારતીયો અહીંના ઉચ્ચ શિક્ષણ માટે મોટી રકમનું દાન આપી રહ્યા છે.

અમેરિકામાંના પચાસ ભારતીયે કુલ ૬૮ વખત દસ લાખ કે તેથી વધુ ડૉલરનું દાન આપ્યું હતું અને આવા દાનની કુલ રકમ અંદાજે ૧.૨ અબજ ડૉલર થાય છે. એમ. આર. રંગસ્વામીએ જણાવ્યું હતું કે ભારતીયો હંમેશાં પોતાની ભૂતપૂર્વ શૈક્ષણિક સંસ્થા, ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ માટેની સંસ્થાઓને આર્થિક સહાય કરવામાં માને છે.

તેમણે જણાવ્યું હતુ કે ભારતીયો દ્વારા કરવામાં આવતા દાનની રકમ સતત વધી જ રહી છે. આ ઉપરાંત, અમેરિકામાંના ભારતીયો પોતાના મૂળ વતનમાં પણ સારું એવું દાન કરે છે. ભારતીયો 'ઘરેથી (મૂળ વતનથી) જ ધર્માદા'ની શરૂઆત કરવામાં માને છે.

અમેરિકામાંના મૂળ ભારતીયો દ્વારા સૌથી વધુ દાન લોસ એન્જેલસની કેલિફોર્નિયા યુનિવર્સિટીને મળ્યું હતું. બીજા ક્રમે હાર્વર્ડ યુનિવર્સિટી અને બોસ્ટન યુનિવર્સિટીનો ક્રમ હતો. બાદમાં, શિકાગો યુનિવર્સિટી અને પેન્સિલ્વેનિયા યુનિવર્સિટીનો ક્રમ આવતો હતો.



બિગ બૉસ શૉની પૂર્વ કન્ટેસ્ટન્ટ અને એક્ટ્રેસ સારા ખાન એકવાર ફરીથી પોતાને વિવાદોમાં લાવી દીધી છે. એક્ટ્રેસે તાજેતરમાં જ પોતાના નવા પાકિસ્તાની કૉમર્શિયલનું ટીઝર શેર કર્યુ હતું. આ બાદથી આ ટિઝર પર તેને ધમકીઓ મળવા લાગી અને ટ્રૉલ થવા લાગી હતી.

# તાજમહેલમાં મુખ્ય મકબરો જોવો મોંઘો પડશેઃ રૂ.૨૦૦ અલગથી ટિકિટ લેવી પડશે

**આગ્રા,** પ્રેમની નિશાની ગણાતા તાજમહાલને જોવા માટે દેશી-વિદેશી પર્યટકોએ હવે વધુ કિંમત ચૂકવવી પડશે. ભારતીય પ્રવાસીઓ હવે રૂ.૨૫૦ અને વિદેશીઓ રૂ.૧૩૦૦માં તાજમહાલનો દીદાર કરી શકશે. દેશનું આ પહેલું સ્મારક છે, જ્યાં પર્યટકોને બે અલગ (પ્રવેશ ટિકિટ રૂ. ૫૦ અને મુખ્ય મકબરો જોવા માટે રૂ.૨૦૦ની ટિકિટ) ટિકિટ લેવી પડશે.

તાજમહાલમાં લાંબા સમયથી શાહજહાં અને મુમતાજની કબર જોવા માટે અલગથી પ્રવેશ ફી વસૂલવા પર મંથન ચાલી રહ્યું છે. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ) એટલે કે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા પ્રાથમિક અધિસૂચના જારી કરી દેવામાં આવી છે.

બે વર્ષની અંદર તાજમહાલની ટિકિટના દરમાં ૧૨ ગણો (અગાઉ ભારતીયો માટે રૂ.૨૦ અને વિદેશી પર્યટકો માટે રૂ.૨૫૦)નો વધારો થયો છે. છેલ્લે ૪૭ દિવસ પહેલાં ટિકિટના દરમાં પાંચથી દસ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો.

હાલ ભારતીય પ્રવાસીની ટિકિટ રૂ.૫૦, વિદેશીની રૂ.૧૧૦૦ અને દક્ષિણ એશિયાઈ સહયોગ સંગઠન (સાર્ક) દેશના રૂ.૫૪૦ છે. અધિક્ષક પુરાતત્વવિદ બસંત સ્વર્ણકારે જણાવ્યું કે મુખ્ય મકબરો જોવા માટે અલગથી રૂ.૨૦૦ પ્રતિ પર્યટક ટિકિટ ખરીદવી પડશે.

આ નવો ટિકિટ દર ક્યારથી લાગુ પડશે તેની જાહેરાત બહુ જલદી કરવામાં આવશે. એએસઆઈએ અધિસૂચના જારી કરી છે. મુખ્ય મકબરો જોવા માટે રૂ.૨૦૦ની ટિકિટ અંગે સૂચનો અને વાંધાઓ પણ મંગાવવામાં આવ્યા છે.

# વિલનની સિક્વલમાં અર્જુન કપૂર, સિદ્ધાર્થ મલ્હોત્રા પણ ચમકશે

**મુંબઈ,** મોખરાની ફિલ્મ સર્જક એકતા કપૂરની ૨૦૧૪માં રજૂ થયેલી હિટ ફિલ્મ એક વિલનની સિક્વલની તૈયારી થઈ રહી હોવાની માહિતી મળી હતી.

અગાઉ એવા અહેવાલો પ્રગટ થયા હતા કે એક વિલનની સિક્વલમાં સિદ્ધાર્થ મલ્હોત્રાના સ્થાને અર્જુન કપૂરને લેવામાં આવ્યો છે. પરંતુ એકતાના પ્રવક્તાએ આ અહેવાલને રદિયો આપતાં કહ્યું કે સિદ્ધાર્થને પડતો મૂકવાની વાત જ નથી. સિદ્ધાર્થ તો સિક્વલમાં હશે, સાથોસાથ અમે અર્જુન કપૂરને લઇ રહ્યા છીએ.

આમ આ ફિલ્મ બે હીરોની ફિલ્મ હશે. 'સિદ્ધાર્થ પોઝિટિવ રોલ કરશે અને અર્જુન નેગેટિવ રોલ કરશે. અમે બંને કલાકારોનો સંપર્ક સાધ્યો હતો અને તેમને અમારી યોજનાની વાત કરી હતી. બંનેને અમારી યોજના ગમી છે. પરંતુ હજુ બંનેમાંથી કોઇએ ઔપચારિક કરાર પર સહી સિક્કા કર્યા નથી. જો કે બંનેને આ સ્ક્રીપ્ટ ગમી છે એટલે મોટે ભાગે બંને આ ફિલ્મ કરશે' એમ આ પ્રવક્તાએ કહ્યું હતું.

મોહિત સૂરીએ નિર્દેશિત કરેલી મૂળ ફિલ્મમાં રિતેશ દેશમુખ અને શ્રદ્ધા કપૂર પણ ચમક્યાં હતાં. આ વખતે એ કલાકારો હશે કે કેમ એની જાહેરાત કરવામાં આવી નથી.

સિદ્ધાર્થ હાલ જબરિયા જોડી ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે. ત્યારબાદ એ ભારતીય લશ્કરના કેપ્ટન વિક્રમ બાત્રાની બાયો-ફિલ્મ કરશે. એ પછી કદાચ એક વિલનની સિક્વલ શરૃ કરી શકશે એવી જાણકારી મળી હતી.

# સીઆરસી દ્વારા યુએસ સિટીઝનશીપની તક વિશે સેમીનાર

ધ કોલોરાડો રિજનલ સેન્ટર (સીઆરસી ) -યુએસ સિટીઝનશીપ એન્ડ ઈમીગ્રેશન સર્વિસીસ ( USCIS) ,ઈમ્-૫ પ્રોગ્રામ ના માન્ય રિજનલ સેન્ટર દ્વારા મુબંઇ ખાતે ૧૨ અને ૧૩ ઓકટોબર દરમિયાન ૨ દિવસીય સેમીનારનું આયોજન કરવામા આવ્યુ છે. આ સેમીનાર ગ્રાન્ડ હયાત સાન્તાક્રુઝ ખાતે યોજાશે જે ભારતીયો ને યુએસસીઆઇએસ માન્ય પ્રોજેકટ -ધ એમ્પાયર આઉટલેટસ અંતર્ગત રોકાણ દ્વારા તેમના, તેમના પતિ/પત્ની તેમના ૨૧ વર્ષથી નીચેના કુવારા બાળકો માટે યુએસ સીટીશનશીપ માટે તક આપશે. ન્યુયોર્ક સ્ટેટ એમ્પાયર આઉટલેટ ફન્ડ I, LLC, અને CRC દ્વારા આયોજીત પ્રોજેકટ ન્યુયોર્ક સિટીનો પ્રથમ અને એકમાત્ર રિટેઇલ આઉટલેટ પ્રોજેકટ છે.

યુએસ હમેશથી ભારતીયો માટે માઇગ્રેટ થવાનુ અને સ્થાયી થવા માટેનુ સ્થળ રહયુ છે. કારકીર્દીની વિશાળ તકો,હેલ્થકેર, શિક્ષણ, સમૃદ્ધ અર્થતંત્ર અને ઉચા જીવનધોરણ ધરાવતી દુનિયાના આ સૌથી સફળ અર્થતંત્રમાં ભારતીયોએ સફળતા અને સમૃદ્ધિ મેળવી છે.જાણીતા એચ-૧બી વિઝામાં ફેરફારો થઇ રહયા છે અને પસંદગીના નિયમો થોડા કડક બન્યા છે ત્યારે ભારતમાં ઇબીપ વિઝા લોકપ્રિય બની રહયા છે.

સામાન્ય રોકાણકારે વાર્ષિક ૫,૦૦,૦૦ યુએસડોલરનુ રોકાણ ટાર્ગેટેડ એમ્પલોયમેન્ટ એરીયામાં કરવાનુ રહેશે અથવા ૧,૦૦૦,૦૦૦ યુએસડોલરનુ રોકાણ ટીઇએએમાં સામેલ ના હોય એવા પ્રોજેકટમાં કરવાનુ રહેશે.-

# ઈઝરાયલે ઈરાન પર રાજધાની નજીક ગુપ્ત પરમાણુ ભંડાર રાખવાનો આરોપ લગાવ્યો

**ન્યૂયોર્ક,** ઈઝરાયલના PM બેન્જામિન નેતન્યાહૂએ ઈરાન પર વૈશ્વિક તાકતોની સાથે ૨૦૧૫માં સમજૂતિ થયા બાદ તેની રાજધાની નજીક ગુપ્ત પરમાણુ ભંડાર રાખવાનો આરોપ લગાવ્યો છે.

જણાવી દઈકે શકિતશાળી દેશોની સાથે થયેલા સમજૂતી હેતુ ઈરાનને પરમાણુ હથિયાર મેળવવા માંથી રોકવાનો હતો. પરમાણુ હથિયાર રાખવાના આરોપમાં ઓગસ્ટમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર પ્રતિબંધ મુક્યો હતો.

નેતન્યાહૂએ કહ્યું કે ઈરાની અધિકારીઓને બેરૂતની પાસે એક ગોડાઉનમાં કેટલાક ટન પરમાણુ ઉપકરણ અને સામગ્રી રાખેલી છે. નેતન્યાહૂએ પરમાણુ સંગઠન International Atomic Energy Agenc અને તપાસ કરવાની માગ કરી છે.

નેતન્યાહૂએ સંયુક્ત રાષ્ટ મહાસભામાં વિશ્વના નેતાઓ આગળ તહરાન નજીક એક જગ્યાએ નકશા બતાવ્યો હતો. તેમની અનુસાર ઈરાન ત્યાંથી ૧૫ કિલો રેડિયો એક્ટિવ વસ્તુઓ હટાવી હતી.

ઈરાનના સરકારી મીડિયાએ આ ધોષણાને હાસ્યાસ્પદ અને ભ્રમ્ર ગણાવી હતી. ઈઝરાયલ ચાર મહિના પહેલા ઘોષણા કરી હતી કે તેની ગુપ્ત માહિતી એજન્સીએ તહેરાનના નજીક શુરબાદમાં ઈરાનના પરમાણુ દસ્તાવેજ મેળવવ્યા હતા. ટ્રમ્પના આ સમજૂતી ઈરાને તેમની પર લાગેલા પ્રતિબંધને હટાવવાના બદલે તેમના યુરેનિયમ સંવર્ધન કાર્યક્રમને મર્યાદિત કરવા માટે સહમત થયું હતું.

નેતન્યાહૂ એ કહ્યું કે ઈઝરાયલ ઈરાન સામે લડાઈ લડતું રહેશે સીરિયા અને ઈરાકમાં પણ ઈરાનને ટકકર આપશે. નેતન્યાહૂએ આરોપ લગાવ્યો કે હેજબોલાહ બેરૂતમાં માસુમ લોકોને રક્ષા કવચની જેમ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. નેતન્યાહૂએ એક તસ્વીર રજૂ કરી જેમાં એક મિસાઈલ સાઈટ ફૂટબોલ સ્ટેડિયમની નીચે હતી.

# બિહારના મુંગેરમાંથી એકે-૪૭નો મોટો જથ્થો જપ્ત કરાયો

**પટના,** બિહારના મુંગેરમાં પોલીસે ફરી એક વાર એકે-૪૭નો જથ્થો ઝડપી પાડ્યો છે. બરહદ ગામની સરહદે આવેલા એક કુવામાંથી પોલીસે એકસાથે ૧૨ જેટલી એકે-૪૭ રાઈફલો શોધી કાઢી છે.

સમગ્ર ઘટનાની માહિતી આપતા એસપી બાબૂ રામે જણાવ્યું હતું કે ૨૯ ઓગસ્ટે મોહમદ ઈમરાનને જમાલપુર પોલીસે ત્રણ એકે-૪૭ સાથે પડક્યો હતો. જે પછી વિસ્તારમાં એકે-૪૭ રાઈફલોની તસ્કરી થવાની ભાળ મળી હતી.

દરોડામાં મોહમદ શમશેર અને ઈમરાનની બહેન રિઝવાનાની બરહદ ગામેથી પોલીસે ત્રણ એકે-૪૭ સાથે ધરપકડ કરી હતી. જબલપુર ઓર્ડિનેન્સ ડેપો તરફથી પણ ૬૦ થી ૭૦ એકે-૪૭ રાઈફલો મુંગેરમાં ઘુસાડવામાં આવી હોવાની માહિતી મળી હતી. જે પછી શમશેરના રિમાન્ડ લેતા આમના ખાતૂન, મોહમદ એજાજુલ, મોહમદ ભુટ્ટોના ઘરે બે-બે એકે-૪૭રાઈફલ સંતાડી હોવાની જાણકારી મળી હતી. મોહમદ એજાજુલના પુત્ર તૌફીક પાસેથી પણ એકે-૪૭, ઈન્સાસ, એસએલઆરની કારતૂસોથી ભરેલી બેગ મળી આવી હતી.

તૌફીકની ધરપકડ બાદ મુખ્ય સુત્રધાર તરીકે તેણે બરહદની સીમામાં આવેલા એક કુવામાં સંતાડેલી ૧૨ એકે-૪૭ રાઈફલોની માહિતી આપી હતી. ગુરૂવાર રાત્રે દરોડા પાડતા પોલીસે કુવામાંથી એકસાથે ૧૨ એકે-૪૭ રાઈફલો જપ્ત કરી હતી.

# કાયદેસર રીતે હું શું કરી શકાય એ વિચારું છું : તનુશ્રી

**મુંબઈ,** હોનહાર અભિનેત્રી તનુશ્રી દત્તાએ સિનિયર અભિનેતા નાના પાટેકર પર છેડછાડના કરેલા આક્ષેપના મુદ્દે બોલિવૂડમાં બે ભાગ પડી ગયા હોય એવી છાપ પડી હતી.

નાના સાથે અગાઉ કામ કરી ચૂકેલા કેટલાક કલાકારો જેવા કે મેગાસ્ટાર અમિતાભ બચ્ચન, સુપર સ્ટાર આમિર ખાન અને સુપર સ્ટાર સલમાન ખાન જેવાએ નાના આવું કરે નહીં એવો અભિપ્રાય વ્યક્ત કર્યો. જ્યારે અભિનેતા ફિલ્મ સર્જક ફરહાન અખ્તર, અભિનેત્રી રિચા ચડ્ડા અને સ્વરા ભાસ્કર આગળ આવ્યા હતા.

રિચાએ ટ્વીટર પર લખ્યું કે માત્ર પબ્લિસિટી મેળવવા તનુશ્રી આવું કરે એ વાત ગળે ઊતરતી નથી. એની સાથે સેટ પર જે બન્યું એ ખરેખર દુઃખદ છે. એનો અપરાધ માત્ર એટલો છે કે એણે આવા વર્તન સામે અવાજ ઊઠાવ્યો છે. તનુશ્રી દત્તા બનવા માટે ખાસ્સી હિંમત જોઇએ.

ફરહાન અખ્તરે એ સમયે સેટ પર હાજર હોવાનો દાવો કરનારી મહિલા પત્રકાર જેનિસ સિકેરિયાની ટ્વીટને ટાંકીને લખ્યું કે તનુશ્રીએ પોતાની કારકિર્દી જોખમાઇ જશે એવો ડર હોવા છતાં અવાજ ઊઠાવ્યો છે. જેનિસની ટ્વીટ પછી આ ઘટનાને સમર્થન મળે છે. તનુશ્રીની હિંમતને બિરદાવવી જોઇએ. ખુદ નાના પાટેકરે પોતાનો બચાવ કરવાને બદલે કહ્યું હતું કે સેક્સ્યુઅલ હેરેસમેન્ટ દ્વારા તનુશ્રી શું કહેવા માગે છે ? એ વખતે સેટ પર નહીં નહીં તોય પચાસથી સો માણસો હાજર હતા. એ બધાંની હાજરીમાં હું આવું કઇ રીતે કરી શકું એ વાત મને સમજાતી નથી...

# એલએફ સાથે જોડાઓ અને ભારતમાં ૪૨૦૦૦ માઈલનો પ્રવાસ કરો

સ્ટેશન માસ્ટર્સ ટિફિન એવી સિરીઝ છે જે ભારતમાં સફર કર છે અને એ રીતે ભારતના અનોખા પરિવહન વિકલ્પની ઉજવણી કરે છે. આ એવું પરિવહન છે જે અનેક યાદગીરી આપી જાય છે. આ લાગણીને ધ્યાનમાં રાખીને ભારતમાં સૌથી વધુ જોવાતી ટ્રાવેલ, ફૂડ અને લાઈફસ્ટાઈલ ચેનલ એલએફ દ્વારા ૧૪ ભાગમાં સ્પેશિયલ સિરીઝ રોમાંચક એડવેન્ચર સાથે શરૂ કરાઈ છે અને તેમાં ઈન્ડિયન રેલવે અને તેને સંબંધિત ફૂડ, કલ્ચર અને લોકો વિશેની વાતો સામેલ કરાઈ છે.

આ શોમાં એન્કર અને ટ્રાવેલર રણવીર બ્રાર અનોખી જર્ની કરે છે અને તેમાં તેઓ અથાકપણે દેશને એ જણાવવાની કોશિશ કરે છે કે ભારતીય રેલવે પર સફર કરીને ભારતના અગ્રણી લોકોએ કઈ રીતે પોતાની યાત્રા આગળ ધપાવી હતી અને આ સાથે તેના અનેક બ્રિજ, પ્લેટફોર્મ, કમ્પાર્ટમેન્ટની વાતો સાથે વાસ્તવિક ભારતને રજૂ કરવાની કોશિશ કરે છે.

રાજસ્થાનમાં સોલ્ટ ટ્રેનથી લઈને મહાત્મા ગાંધીની થર્ડ ક્લાસમાં ટ્રેન મુસાફરી સુધીની વાતો, બ્રિટિશ રાજમાં ટ્રેનથી લઈને કોલકાતામાં ટ્રામ અને કોંકણ રેલવેથી પામ્બાન બ્રિજ, રામેશ્વરમ સુધીની અનેક વાતો એટલું જ નહીં પણ મુંબઈની લોકલ ટ્રેનની ભીડની વાતો પણ સામેલ કરાઈ છે, જે ભારતીય ટેલિવિઝન પર સાવ અનોખો અનુભવ રેલવે માટેનો બની રહેશે.(૧-૭)

Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Mayur C Bhatt., Place of Pub: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-Place of Printing : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Owner : Kalyani Pub. Pvt. Ltd.

# લાલુ યાદવ બે સપ્તાહથી હોસ્પિટલમાં છતાં દીકરા-દીકરી ખબર પૂછવા ન આવ્યા!!

**ન્યુ દિલ્હી,** ઘાસચારા કૌભાંડનાં ત્રણ કેસમાં દોષીત જાહેર કરાયા બાદથી આરજેડી પ્રમુખ લાલુ પ્રસાદ યાદવની ધરપકડ કરી લેવામાં આવી હતી. જેલમાં તેઓ છેલ્લા બે અઠવાડિયાથી હોસ્પિટલમાં દાખલ છે. પિતા બે અઠવાડિયાથી હોસ્પિટલમાં હોવા છતા લાલુની મોટી દીકરી મીસા ભારતી કે તેમનાં દીકરા તેજપ્રતાપ યાદવ અને તેજસ્વી યાદવ એક વાર પણ તેમને મળવા માટે હોસ્પિટલ નથી આવ્યા.

પાર્ટીનાં નેતાઓનું કહેવું છે કે લગભગ બાર દિવસનાં દિલ્હી પ્રવાસ પરથી તેજસ્વી યાદવ પટના પાછા ફર્યા છે પરંતુ તેમણે પાર્ટીનાં કોઈ પણ વરિષ્ઠ નેતાને મળવાનું કે તેમની સાથે કોઈ પણ પ્રકારની વાતચીત કરવામાં તેઓએ રસ બતાવ્યો નથી. લાલૂ પ્રસાદ યાદવ વખતનાં પાર્ટીનાં વફાદાર નેતાઓનું પણ માનવું એવું છે કે પાર્ટીમાં બધુ સામાન્ય હોય તેવું નથી લાગી રહ્યું. સામાન્ય રીતે તેજસ્વી યાદવ મીડિયા સાથે સારી રીતે વાતચીત કરતા હોય છે પરંતુ પાર્ટી કવર કરનાર પત્રકારોનું પણ કહેવું છે કે હમણાથી તેજસ્વી યાદવ તેમને ટાળતા હોય તેવું લાગી રહ્યું છે.

જો કે, તેની પાછળનું સાચું કારણ તેજ પ્રતાપ યાદવ હોય તેવું માનવામાં આવી રહ્યું છે. તેજ પ્રતાપ યાદવ પાર્ટીમાં પોતાના પદ અને સ્થાનના રોદણા રડીને ફક્ત ઘરમાં જ નહીં પણ પાર્ટીમાં પણ લોકોનાં માથાનો દુઃખાવો બની ગયા છે. તેજ પ્રતાપ યાદવ એમ ઈચ્છે છે કે પાર્ટીમાં દરેક સભ્ય તેમને પૂછી પૂછીને જ દરેક નિર્ણય લે. પરંતુ ખુદ પાર્ટીનાં અન્ય ધારાસભ્યો એમ વિચારે છે કે જ્યારે લાલુ પ્રસાદ યાદવે પોતે જ તેજસ્વી યાદવને પોતાના ઉત્તરાધિકારી તરીકે જાહેર કર્યો છે ત્યારે તેજપ્રતાપ યાદવની આવી માંગણી તદ્દન ગેરવ્યાજબી કહેવાય.

# ઈમરાન ખાન પાકિસ્તાનની જનતા માટે ઘણુ બધુ કરવાની ઈચ્છા ધરાવે છે : બુશરા માનિક ખાન



**ઈસ્લામાબાદ,** ઈમરાન ખાનની ત્રીજી પત્ની બુશરા માનિક ખાન પહેલીવાર મીડિયા સામે આવી છે. ઈમરાન અને બુશરાના લગ્ન આ વર્ષે ફેબ્રુઆરીમાં થયા હતા. થોડાં સમય પહેલાં બંનેના સંબંધોમાં તણાવ થવા અને બુશરા તેના જૂના ઘરે પરત રહેવા જતી રહી હોવાની વાત સામે આવી હતી. પરંતુ પાકિસ્તાનમાં સામાન્ય ચૂંટણી થયા બાદ તેઓ એકવાર ફરીથી સાથે હોવાની વાત પણ સામે આવી હતી. પરંતુ લગ્ન બાદ ઈમરાનના પીએમ બન્યા સુધી તે મીડિયાથી દૂર રહી હતી. બુશરાએ પહેલીવાર પાકિસ્તાનની એક ટીવી ચેનલને ઈન્ટરવ્યુ આપ્યું છે. આ ઈન્ટરવ્યુના માધ્યમથી પહેલીવાર તેણે પોતાની વાત સામે રાખી છે. એટલું જ નહીં, ઈન્ટરવ્યુમાં તેણે ઈમરાન ખાનના વખાણ પણ કર્યા છે. લગભગ પોણા કલાકના આ ઈન્ટરવ્યુમાં તેણે અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી છે. ઈમરાન સાથે લગ્ન બાદ પોતાના જીવનમાં આવેલા બદલાવનો ઉલ્લેખ કરતા કહ્યું કે, આ લગ્ન પહેલાં તેની પાસે લોકો અલ્લાહની નજીક જવા માટે આવતા હતા અને હવે ઈમરાનની નજીક આવવા માટે પણ લોકો તેનો સહારો લે છે. બુશરાએ કહ્યું કે, લગ્ન બાદ બંનેમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે અને આ માટે બંને જવાબદાર છે. તેણે ઈમરાનના ડોગના કારણે બંને વચ્ચે તણાવ ઉભો થયો હતો તે સમાચારોને પાયાવિહોણા ગણાવ્યા છે.

ઈમરાન અંગે પુછતાં બુશરાએ કહ્યું કે, તેને કોઈ પ્રકારના શોખ નથી. તે અત્યંત સાદી વ્યક્તિ છે. આ જ કારણ છે કે, પાકિસ્તાન પોતાને ખુશનસીબ ગણી શકે. પાકિસ્તાનને એવો વ્યક્તિ વડાપ્રધાન તરીકે મળ્યો છે જે પોતાના માટે કંઇ જ કરવા નથી ઈચ્છતો. પરંતુ જનતા માટે ઘણું બધુ કરવા ઈચ્છે છે.

સૂચના

કૃપા કરી આપની જાહેરખબર તથા સમાચાર અમારા નિમ્નલિખિત ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com